જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૨૧/૧૨/૨૦૨૩ ગુરૂવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૦૪૩/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૧ કેસ કરી, ૪૯ વ્યક્તિઓને ઝડપી, ૩૩૯ લીટર દેશી દારૂ, ૬૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૬૧ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૭૪ બિયર ટીન, ૧ રિક્ષા અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૯૨૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૦૪૪/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૨૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ચોરીઃ- સમાચાર યાદી નં.૨૦૪૫/૨૦૨૩

**સોલા હાઈકોર્ટઃ** બ્રિજેશભાઇ સ/ઓ પ્રવિણભાઇ વેલાણી (ઉ.વ.૩૧) (રહે. સ્વર્ણિમ સ્કાય હાથી મંદિર પાછળ જગતપુર) એ તા.૧૯/૧૨/૨૦૨૩ બપોરના ૪/૦૦ થી ૫/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન સાયન્સ સીટી રોડ શુકનમોલ આગળ પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી અજાણી વ્યક્તિ કારમાંથી રોકડ રૂપિયા ૧,૬૫,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ અંગેની ફરીયાદ બ્રિજેશભાઇ વેલાણી એ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.ડી.રવિયા ચલાવે છે.

## આત્મહત્યાઃ- સમાચાર યાદી નં.૨૦૪૬/૨૦૨૩

**ચાંદખેડાઃ** કિન્નરી વા/ઓ મ્રિનલ તિવારી (ઉ.વ.૩૦) (રહે. પરમેશ્વર-૫ એટીએમ મોલની બાજુમાં ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૨૦/૧૨/૨૦૨૩ બપોરના ૩/૧૫ વાગ્યાનાં સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મદદનીશ પોલીસ કમિશનર શ્રી “એલ” ડીવીઝન ચલાવે છે.

**બોડકદેવઃ** ભુમીકા ઉર્ફે રાધિકા ડો/ઓ ગેલાભાઈ વાળોદરા (ઉ.વ.૧૬) (રહે. રાજીવ ગાંધી આવાસ યોજનાના મકાન સિંધુ ભવન રોડ) એ અગમ્ય કારણસર તા.૧૯/૧૨/૨૦૨૩ રાતના ૮/૦૦ વાગ્યાનાં સુમારે પોતાના રહેણાંક ખાતે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને એપીક હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડો.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે બોડકદેવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વાય.વાય.ચૌહાણ ચલાવે છે.

**ખોખરાઃ** યોગેશભાઇ ભગવાનભાઇ સોલંકી (ઉ.વ.૨૫) (રહે.મનહર કોલોની સરસ્વતી સ્કુલની બાજુમા હરીપુરા ખોખરા) એ અગમ્ય કારણસર તા.૧૯/૧૨/૨૦૨૩ રાતના ૯/૦૦ વાગ્યાનાં સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડો.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.પી.વિડજા ચલાવે છે.

**નિકોલઃ** ક્રિશીબહેન ડો/ઓ મહેશભાઈ રાદડિયા (ઉ.વ.૧૯) (રહે. તાજ રેસિડેન્સી ગંગોત્રી સર્કલ પાસે નિકોલ) એ અગમ્ય કારણસર તા.૨૦/૧૨/૨૦૨૩ કલાક ૧૧/૦૦ વાગ્યાનાં સુમારે પોતાના ઘરે પંખા સાથે ચાદર બાંધી ગળેફાંસો આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.ટી.ગઢવી ચલાવે છે.

**કાગડાપીઠઃ** ચેતનભાઈ વિઠલભાઈ ચુનારા (ઉ.વ.૪૬) (રહે. ભવાની શંકર સોસાયટી બહેરામપુરા) એ અગમ્ય કારણસર તા.૧૯/૧૨/૨૦૨૩ સાંજના ૫/૦૦ વાગ્યાનાં સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને એલ.જી.હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૦/૧૨/૨૦૨૩ સાંજના ૬/૨૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે કાગડાપીઠ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી આશિષભાઈ લક્ષ્મણભાઈ ચલાવે છે.

**નારોલઃ** અંકીતસિંહ રાજુસિંહ રાણા (ઉ.વ.૨૭) (રહે. વૈશાલીનગર મારીયા પાર્ક સામે નારોલ) એ અગમ્ય કારણસર તા.૧૯/૧૨/૨૦૨૩ સાંજના ૬/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે મફલર બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે એલ.જી.હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી આણંદભા આપાભા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી